આરોપી સામે જુગારધારાની કલમ ૪,૫ મુજબ ગુનો નોંધવામાં આવેલ છે. આજરોજ આરોપી કોર્ટ રૂબરૂ હાજર રહી કેસ કબુલ કરવા માંગતા હોય આરોપીને જુગારધારાની કલમ ૪,૫ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં તકસીરવાર ઠરાવવામાં આવે છે અને દરેક આરોપી દીઠ અંકે રૂપીયા ૩૦૦ (અંકે રૂપીયા ત્રણસો પુરા)નો દંડ કરવામાં આવે છે.જો આરોપીઓ દંડની રકમ ના ભરે તો દિન–૩(ત્રણ)ની સાદી કેદની સજા ભાગવવાનો હુકમ કરવામાં આવે છે.

ગુનાખોરીની મુદામાલ રોકડ રકમ હોય અંગે જો કોઈ હુકમ થયો હોય તો તે કાયમી રાખવો અને ના થયો હોય તો ગુનાખોરીની રોકડ રકમ તથા દાવ પરની રોકડ રકમ સરકાર જમા કરવાનો હુકમ કરવામાં આવે છે. તથા રોકડ રકમ સિવાયના મુદામાલ અંગે અન્ય કોઈ હુકમ થયેલ હોય તો તે કાય મી રાખવામાં આવે છે. અને ના થયો હોય તો મુદ્દામાલની ખરાઇ કરી મુદ્દમાલ મુળ માલિકને પરત કરવો.

હુકમ આજરોજ તારીખ ૧૨ મી માર્ચ સને ૨૦૨૨ ના રોજ લોક અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળઃ– સુરત<br>
તારીખઃ–૧૨/૦૩/૨૦૨૨

(યોગીતા શર્મા)<br>
૮ માં અધિક જ્યુડી. મેજી. ફ.ક., સુરત<br>
જજ કોડ GJ01529